
# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૦



હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી—એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ.... એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જૈસે પરદેશમેં સ્થિત કોઈ રામાદિક પુરુષ અપની પ્યારી સીતા આદિ સ્રીકે પાસ આયે હુએ કિસી મનુષ્યસે બાતેં કરતા હૈ–ઉસકા સન્માન કરતા હૈ ઔર દાન કરતા હૈ, યે સબ કારણ અપની પ્રિયાકે હૈં, કુછ ઉસકે પ્રસાદકે કારણ નહીં હૈ. ઉસી તરહ ભરત, સગર, રામ, પાંડવાદિ મહાન પુરુષ વીતરાગ પરમાનંદ એકરૂપ મોક્ષ-લક્ષ્મીકે સુખ અમૃતરસકે પ્યાસે હુએ સંસારકી સ્થિતિકે છેદનેકે લિયે વિષયકષાય કર ઉત્પન્ન હુએ આર્તરૌદ્ર ખોટે ધ્યાનોંકે નાશકા કારણ શ્રી પંચપરમેષ્ઠીકે ગુણોંકા સ્મરણ કરતે હૈં ઔર દાન-પૂજાદિક કરતે હૈં, પરંતુ ઉનકી દૃષ્ટિ કેવલ નિજપરિણતિ પર હૈ, પરવસ્તુ પર નહીં હૈ. પંચપરમેષ્ઠીકી ભક્તિ આદિ શુભક્રિયાકો પરિણત હુએ જો ભરત આદિક હૈં, ઉનકે વિના ચાહે પુણ્યપ્રકૃતિકા આસ્રવ હોતા હૈ, જૈસે કિસાનકી દૃષ્ટિ અન્ન પર હૈ, તૃણ ભૂસાદિ પર નહીં હૈ. વિના ચાહા પુણ્યકા બંધ સહજમેં હી હો જાતા હૈ. વહ ઉનકો સંસારમેં નહીં ભટકા સકતા હૈં. વે તો શિવરપુરીકે હી પાત્ર હૈં. ૧૧૯૫.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.– ૨, ગાથા– ૬૧)*

* જે વિનય રહિત છે તેનો આગમ–અભ્યાસ વ્યર્થ છે. વિનય શાસ્ત્ર-અભ્યાસનું ફળ છે. પુણ્યોદયજન્ય સુખ તથા મોક્ષસુખ વિનયનું જ ફળ છે અથવા ગર્ભકલ્યાણ, જન્મકલ્યાણ, દીક્ષાકલ્યાણ, કેવલકલ્યાણ અને મોક્ષકલ્યાણ—એવા પાંચ કલ્યાણ જીવને વિનયથી જ પ્રાપ્ત થાય છે. ૧૧૯૬.

*(શ્રી કુંદકુંદાચાર્યદેવ, મૂલાચાર, પંચાચાર અધિકાર, ગાથા– ૨૧૧)*

* સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં (સમ્યક્ત્વ) ઉત્તમ યોગ છે, કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ઋદ્ધિઓમાં પણ (સમ્યક્ત્વ) મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. ૧૧૯૭.

*(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા– ૩૨૫)*

* જેને અન્ય કોઈ પણ પ્રયોજનની અપેક્ષા–જરૂરિયાત મટી ગઈ છે, માત્ર ગુણ-દોષને વિષે જ ગ્રહણ-ત્યાગ વર્તે છે, તે જ પુરુષ જ્ઞાનીઓમાં પ્રધાન-શ્રેષ્ઠ છે. ૧૧૯૮.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક– ૧૪૫)*

વર્ષ-૫
અંક-૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૬
December
A.D. 2010


# જ્ઞાનીઓની જ્ઞાનમય આલોચના

(શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૮)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે, તેમાં સર્વવિશુદ્ધ દ્વાર ચાલે છે.

આત્મા પરમાનંદનો નાથ છે, શુદ્ધ છે, તેમાં અનાદિકાળથી કર્મના નિમિત્તે જે વિકાર ભાસે છે તે તેનું સ્વરૂપ નથી પણ ઉપાધિ છે. તેથી ૮૮મા પદ્યમાં કહે છે કે કર્મના નિમિત્તનો પ્રભાવ અને આત્મજ્ઞાનનો પ્રભાવ બંને ભિન્ન ચીજ છે.

'કર્મ અને જ્ઞાનનો ભિન્ન પ્રભાવ'

जबलग ग्यान चेतना न्यारी।
तबलग जीव विकल संसारी॥
जब घट ग्यान चेतना जागी।
तब समकिती सहज वैरागी॥८८॥

सिद्ध समान रूप निज जानै।
पर संजोग भाव परमानै॥
शुद्धातम अनुभौ अभ्यासै।
त्रिविध कर्मकी ममता नासै॥८९॥

અર્થ :—જ્યાં સુધી જ્ઞાનચેતના પોતાથી ભિન્ન છે અર્થાત્ જ્ઞાનચેતનાનો ઉદય થયો નથી ત્યાં સુધી જીવ દુઃખી અને સંસારી રહે છે અને જ્યારે હૃદયમાં જ્ઞાનચેતના જાગે છે ત્યારે તે પોતાની મેળે જ જ્ઞાની વૈરાગી થાય છે, તે પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન

શુદ્ધ જાણે છે અને પરના નિમિત્તે ઉત્પન્ન થયેલા ભાવોને પર-સ્વરૂપ માને છે, તે શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરે છે અને ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મને પોતાના માનતો નથી.

**જબલગ ગ્યાન ચેતના ન્યારી** અને **જારી** એવો શબ્દ પણ આવે છે તેનો અર્થ એ છે કે જ્યાં સુધી પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ પોતાના અનુભવમાં આવ્યો નથી, દૃષ્ટિમાં આવ્યો નથી ત્યાં સુધી તેની જ્ઞાનચેતના રાગ-દ્વેષ અને પુણ્ય-પાપભાવોમાં ચેતાઈ ગયેલી હોય છે. તેમાં જ એકત્વ માને છે અને તેને જ ચેતે છે. માટે, તે કર્મચેતના છે. જ્ઞાનચેતનાનો ઉદય થયો નથી ત્યાં સુધી દુઃખી અને સંસારી છે.

'પોતાનો સ્વભાવ તો જ્ઞાનાનંદસ્વરૂપ છે' એમ અંતરદૃષ્ટિથી વિકાસ ન કરે ત્યાં સુધી એ જીવ પુણ્ય-પાપના વિકલ્પોની એકતામાં દુઃખી છે.

એને એમ થાય છે કે આ છોકરાઓ મોટા થઈ ગયા છે, ઘરના ઘર છે, વેપાર સારો ચાલે છે એમાં દુઃખ ક્યાં છે? પણ, અંદરમાં રાગ-દ્વેષ અને પુણ્ય-પાપની વૃત્તિ છે તે જ દુઃખરૂપ છે અને જ્યાં સુધી અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ અને એકત્વ ન થાય ત્યાં સુધી એ દુઃખી અને સંસારી છે. તેની ચેતના રાગાદિભાવોમાં જોડાયેલી હોવાથી એ વિકલ એટલે દુઃખી અને સંસારી છે. તે ભલે રાજા હોય કે રંક હોય, કીડી હોય કે કુંજર હોય, દેવ હોય કે નારકી હોય તે બધાં દુઃખી છે. અનાદિથી વિકારરૂપી કાર્યમાં ચેતાઈ ગયેલા એ પ્રાણી દુઃખી છે–સંસારી છે.

**'જબ ઘટ ગ્યાન ચેતના જાગી તબ સમકિતી સહજ વૈરાગી।'** જ્યારે અંતરમાં આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવું ભાન થઈને પ્રતીતિ થઈ ત્યારે ચેતના જાગી. આત્મા અંતરમાં આખા જગતથી જુદો–ન્યારો ભાસવા લાગ્યો. 'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા રંગ ભાસે.' જગત જગતમાં છે, મારામાં નહિ.

અરે! ચૈતન્ય મહારાજ ભગવાન પ્રભુને જાણ્યા વિના, જોયા વિના, સ્વીકાર વિના, તેમાં એકતા વિના ભલે વ્રત-તપનો રાગ હો તો પણ તેમાં જીવ દુઃખી છે અને તે સંસારી છે. નગ્ન સાધુ હોય પણ આ રાગની ક્રિયા એ જ મારું કર્તવ્ય છે એમ માને છે તો એ સંસારી છે, દુઃખી છે. જ્યારે જીવના જ્ઞાનમાં જાગૃતિ આવી કે હું તો અનાદિ-અનંત જ્ઞાનસ્વરૂપ અને આનંદમૂર્તિ છું–એવી શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું ત્યારે તે સહજ વૈરાગી થયો. અજ્ઞાનીને રાગમાં એકતા છે તો જ્ઞાનીને રાગથી સહજ વૈરાગ્ય છે.

આ ૩૨મા કળશ ઉપરનો બનારસીદાસજીનો શ્લોક છે. જ્ઞાનચેતના જાગી કે હું તો જ્ઞાન, આનંદ અને સત્‌ચિદાનંદ સ્વરૂપ છું–એમ અંતરંગમાં દૃષ્ટિ-જ્ઞાનમાં ભાસ્યું ત્યારે તે રાગથી વિરક્ત થયો, ત્યારે તે જીવ સુખી છે. અહો! મારું સ્વરૂપ તો સિદ્ધ સમાન છે! હું તો જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા આદિ ગુણોનો મોટો સાગર છું. આવી પ્રતીતિ આવતા જ એ સંસારથી સહજ વૈરાગી થઈ ગયો. આત્માનું ભાન થયું અને રાગથી વૈરાગ આવ્યો....વાત તો ભાઈ! ઝીણી છે, પણ મારગ તો આ છે. સુખી થવાનો આ એક જ પંથ છે કે આત્મા આનંદમૂર્તિ છે, તેમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરવો તે સિવાય બીજો કોઈ સુખી થવાનો માર્ગ નથી. બીજા બધાં દુઃખના પંથમાં દોરાઈ ગયા છે.

सिद्ध समान रूप निज जानै। અજ્ઞાની રાગની એકતામાં દુઃખી અને સંસારી હતો. જ્ઞાનીને સ્વભાવની એકતામાં પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન છે એમ જણાયું અને રાગથી વૈરાગ થયો.

'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધસમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમ ઘેરો.
જ્ઞાનકલા ઉપજી અબ મોકૂં, કહું ગુણ નાટક આગમ કેરો,
તાસુ પ્રસાદ સધૈ શિવમારગ, વેગે મિટૈ ઘટવાસ વસેરો.'

ચેતનરૂપ–હું તો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવવાળો છું, ક્રિયા કરું કે બીજાને સમજાવું એવો વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી. ચેતનસ્વભાવનું ભાન થતાં જ સંસારનું ખાતુ બંધ થઈ જાય છે. સિદ્ધ સમાન પોતાના આત્માનો અનુભવ થવા લાગ્યો. અહો! જેવા સિદ્ધ છે તેવો જ હું છું. હું પામર કે રાગી કે સંસારી છું–એમ સમકિતી ન માને. આત્મા અબદ્ધ-સ્પષ્ટ છે, રાગ અને કર્મથી બંધાયેલો નથી.

રાગ અને કર્મથી ભિન્ન પડીને પોતે જ્ઞાનસ્વભાવથી અધિક પોતાના ચૈતન્યપિંડલાને જાણી લીધો તેને હવે આનંદ અને શાંતિ આવીને વણાઈ જાય પણ દુઃખ કે આકુળતા એના સ્વરૂપમાં નથી તો આવીને વણાય ક્યાંથી!

पर संजोग भाव परमानै। ધર્મી જીવ નિજને નિજ જાણે અને પરને પર જાણે. પરના સંયોગે ઉત્પન્ન થયેલાં દયા-દાન-વ્રત-ભક્તિ આદિના ભાવને પણ પર માને છે તો સ્ત્રી, પુત્ર, મકાન, દુકાન તો ક્યાંય દૂર રહી ગયા. પોતાનો ભગવાન પ્રત્યક્ષ ભાસવા

લાગ્યો. ત્યાં પહેલાં અજ્ઞાનમાં જે પ્રત્યક્ષ પોતાના ભાસતા હતા તે બધા 'પર' ભાસવા લાગ્યા. પોતાનો સ્વભાવ સિદ્ધ સમાન જ્ઞાતા-દૃષ્ટા ભાસવા લાગ્યો. ત્યારે જ તેને ધર્મી કહેવામાં આવે છે. વ્રત-તપ-પૂજા-ભક્તિ કરે માટે તે ધર્મી છે એમ નથી.

'હું રાગવાળો છું' એમ માન્યતા છે ત્યાં સુધી કર્મચેતના ઊભી છે. જ્ઞાનચેતનાનો ત્યાં નાશ છે.

પ્રશ્ન થાય કે સંસારમાં રહીને આવું જ્ઞાન થાય?—હા. રાગમાં આત્મા નથી અને આત્મામાં રાગ નથી એમ જાણ્યું ત્યાં સંસાર ક્યાં રહ્યો? જ્ઞાની સંયોગીચીજ અને સંયોગીભાવને પર જાણે છે, પોતામાં મેળવતો નથી, તેનો સ્વામી થતો નથી. તેથી, ધર્મી સંસારમાં હોવા છતાં સંસારથી ભિન્ન રહે છે.

पर संजोग भाव परमानै। ધર્મી કર્મના નિમિત્તે થયેલી શુભાશુભવૃત્તિઓને પર માને છે. તેનો સ્વામી કર્મ-પુદ્ગલ છે, હું નહિ. शुद्धातम अनुभौ अभ्यासै। શુદ્ધાત્માને અનુભવવો એ જ ધર્મીનો અભ્યાસ છે. રાગ કરવો અને રાગમાં એકત્વ માનવું એ ધર્મીનો અભ્યાસ નથી.

સુખસ્વરૂપ ભગવાનઆત્મામાં આનંદ ભર્યો હોવાથી તેની દૃષ્ટિવંત ધર્મી તેની શુદ્ધતાનો જ અભ્યાસ કરે છે, અશુદ્ધતાનો અભ્યાસ ધર્મી કરતા નથી.

કેમ ભાઈ! તું પાંચ વર્ષ અમેરિકા રહી આવ્યો ને! ત્યાં આ વાત હતી? રાગની હોળી હતી કે બીજું કાંઈ! લૌકિક ભણતર બધાં રાગવાળા અને દુઃખવાળા છે. ભગવાન-આત્માનું ભણતર જ સુખ આપનારું છે. દીકરાને કદાચ ધર્મનું ભણતર ભણવાના ભાવ હોય તો પણ બાપ એને લૌકિક ભણતર ભણવા પરદેશ મોકલે છે. બાપ, દીકરા માટે ધૂતારાની ટોળી છે અને દીકરો બાપ માટે ધૂતારાની ટોળી છે. બાપને તો દીકરો ભણીને, કમાઈને પૈસા લાવે એ પ્રયોજન છે, મરીને એ ક્યાં જશે તેની એને ક્યાં ચિંતા છે! કમાનારો મરી જાય તો એને ચિંતા છે પણ મરીને ઢોરમાં જશે એની ચિંતા નથી. જુવાન માણસ હોય, વિષયના રસ હોય, આબરૂ વધારવાના ભાવ હોય, જીવનમાં બીજાથી કંઈક અધિક થઈને રહેવાના ભાવ હોય....તે મરીને ઢોરમાં (તિર્યંચમાં) જાય....કીડી, મકોડા કે ઊંટ કે ગધેડામાં જાય; માંસ, દારૂ આદિ ન લેતાં હોય તો નરકમાં ન જાય.

અહીં તો કહે છે કે અજ્ઞાની સંયોગી વિકલ્પને પોતાના માને છે તેથી દુઃખી અને સંસારી છે. જ્યારે ધર્મી સંયોગીભાવને પોતામાં ન માનતો, સિદ્ધ સમાન જ્ઞાતા-દૃષ્ટા છું

એમ માનતો તે સુખી અને સાધક છે. અહાહા! તેને આત્મભાનની નિજકળા ખીલી છે, તે સુખી છે, તે સાધક છે. છ ખંડના રાજમાં પડ્યો સમકિતી રાજમાં નથી અને રાગમાં પણ નથી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને જે આત્મા જોયો અને અનુભવ્યો એવો જ આ પણ પોતાના આત્માને અનુભવે છે. માટે, તે સિદ્ધ સમાન છે અને સુખી છે. બાકી માત્ર ક્રિયાકાંડ કરનારા અને રાગના કરનારા બધાં દુઃખી છે અને સંસારી છે.

त्रिविध कर्मकी ममता नासै । દ્રવ્યકર્મ–જડકર્મ, ભાવકર્મ–શુભાશુભ વિકલ્પ અને નોકર્મ–શરીર, વાણી આદિ એ ત્રણેય કર્મનો અંતરમાં શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં નાશ થાય છે.

હવે, ૯૦મા પદ્યમાં જ્ઞાનીની આલોચના કરે છે. અજ્ઞાની તો પ્રતિક્રમણ કરીને 'મિચ્છામિ દુક્કડમ્' બોલી બોલીને આલોચના થઈ માને છે, પણ વાણી તો જડ છે અને વિકલ્પ ઊઠે છે તે પણ રાગ છે, તેનાથી પાપોની આલોચના થતી નથી. આલોચના શું છે તે હવે આવે છે.

## 'જ્ઞાનીની આલોચના'

ग्यानवंत अपनी कथा, कहै आपसौं आप।
मैं मिथ्यात दसा विषै कीने बहुविधि पाप॥९०॥

અર્થ :–જ્ઞાની જીવ પોતાની કથા પોતાને કહે છે કે મેં મિથ્યાત્વની દશામાં અનેક પ્રકારના પાપ કર્યા.

અરે! મેં ભ્રમણામાં પુણ્ય-પાપની ક્રિયાને પોતાની માનીને ઘણાં પાપ કર્યા છે. મને મારી ચીજની જ ખબર ન હતી કે હું તો એક ચિદાનંદ પ્રભુ છું. હું સિદ્ધની જાતનો, સિદ્ધની હરોળમાં બેસનારો, સિદ્ધની સંખ્યામાં ભળનારો હોવા છતાં સંસારીની જેમ રહીને મિથ્યાભાવને સેવ્યા. તે પણ એક પ્રકારે નહિ પણ અનેક પ્રકારે પાપ કર્યા. તેમાં પુણ્ય પણ આવી ગયા. એક તરફ ચૈતન્યરામ છે અને પુણ્ય-પાપ તો તેનાથી તદ્દન જુદી ચીજ છે, તે લોકની ચીજ છે, આત્માની નહિ.

શ્રોતા :—આ તો જ્ઞાનીની વાત છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાની જ વાત છે. અજ્ઞાની તો પોતાને સંસારી જ માને છે. રાગને પોતાનો માનનારા સંસારી તો બધાં દુઃખી જ છે. મહિનાના પાંચ-પાંચ લાખ પેદા

કરતો હોય, કમાઉં દીકરા હોય અને તે પણ બાપુજી...બાપુજી કરતાં હોય છતાં એ દુઃખી દુઃખી છે. જે પોતે બહુ ભણ્યા હોય તેને ઓછું ભણેલાઓ મૂરખ જેવા લાગતા હોય, પણ ભાઈ! તું પણ મૂરખ જ છો. તેં પણ દુઃખના દરિયામાં જ ડૂબકાં માર્યા છે. વિકલ્પ અને રાગમાં એકાકાર થઈને દુઃખના દરિયામાં તણાઈ રહ્યા છે.

અરે! તને તારી જાતનું ભાન નથી. હું તો જડની ક્રિયા અને વિકલ્પથી પાર છું, મારી ચીજમાં સંસારનો સ્પર્શ નથી, મને ઉદયનો સ્પર્શ નથી, હું સિદ્ધ સમાન છું–એવી શ્રદ્ધામાં પુરુષાર્થની અનંતી જાગૃતિ છે. 'સમ્યગ્દર્શન એટલે અનંત પુરુષાર્થની જાગૃતિનો ભાવ' તેણે અનંતગુણની ખાણને પોતાના કબજે લઈ લીધી છે. અજ્ઞાનીએ તો પુણ્ય-પાપભાવની પ્રતીતિ કરીને વિકારને પોતાના કબજે કર્યો છે. તેમાંથી મિથ્યાત્વનો વિકાર નીકળ્યા જ કરે છે. તેથી જ્ઞાની આલોચના કરતાં કહે છે કે मैं मिथ्यात दसा विषै कीने बहुविधि पाप। અજ્ઞાનદશામાં અમે બટાટા, સકરકંદ આદિ કંદમૂળમા જીવ છે એમ માન્યું નહિ અને તેનો ઘાત કર્યો છે. અજ્ઞાનના વેગમાં અમે શું પાપ ન કર્યાં! બટાટાની પતરી કરી કરીને ખાધી, જીવના ઘાતનો વિચાર પણ ન કર્યો.

ચૂરમાના લાડવા અને કારેલાના શાક સાથે બટાટાની પતરી કડક કરી હોય તે બહુ સારી લાગે એમ કરીને ખાધી. તેમાં અનંતજીવનો ઘાત થાય છે એમ ન માન્યું. તેની દયા પણ ન આવી.

અરે! મોટા રાજાને ઘરે રાજકુમાર તરીકે જન્મ્યા હોય પણ બોલતા ન હોય તો રાજા હજારો ચકલાની જીભ મંગાવીને રાજકુમારને બોલતો કરવા ખવરાવે પણ એને ભાન નથી કે મરીને અમારે નરકે જવું પડશે. અનંતગુણના નાથ આત્માને માન્યો નહિ તેથી પોતાની દયા પણ ન કરી અને બીજા જીવોની પણ દયા ન કરી.

આ લીલું ઘાસ થાય છે તેમાં ઝપાટાબંધ માણસો ચાલે છે, એને દરકાર પણ નથી કે આ જીવો મરે છે. તેમાં જીવ છે કે નહિ એવી શ્રદ્ધા પણ નથી. લીલા ઘાસમાં એક એક કટકીમાં અસંખ્ય જવ હોય છે. લીમડાના કોર આદિ ફૂલમાં તો અનંત જીવ હોય છે. ફૂલની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ છે. એવા ફૂલના ઢગલા પથારીની જેમ પડ્યા હોય તેના ઉપરથી જોડા પહેરીને ચાલ્યો જાય. જ્ઞાની કહે છે કે મેં અજ્ઞાનભાવમાં આવા જીવોના ઘાતના ભાવ કર્યાં તેમાં હું હણાઈ ગયો એની મને ખબર ન હતી.

हिरदै हमारे महा मोहकी विकलताई,
तातैं हम करुना न कीनी जीवघातकी।
आप आप कीनैं औरनिकौं उपदेस दीनैं,
हुती अनुमोदना हमारे याही बातकी॥
मन वचन कायामैं मगन ह्वै कमाये कर्म,
धाये भ्रमजालमैं कहाये हम पातकी।
ग्यानके उदय भये हमारी दसा ऐसी भई,
जैसैं भानु भासत अवस्था होत प्रातकी॥९१॥

અર્થ :—અમારા હૃદયમાં મહામોહજનિત ભ્રમ હતો, તેથી અમે જીવો પર દયા ન કરી. અમે પોતે પાપ કર્યાં, બીજાઓને પાપનો ઉપદેશ આપ્યો અને કોઈને પાપ કરતાં જોયા તો તેનું સમર્થન કર્યું. મન, વચન, કાયાની પ્રવૃત્તિના નિજત્વમાં મગ્ન થઈને કર્મબંધ કર્યા અને ભ્રમજાળમાં ભટકીને અમે પાપી કહેવાયા. પરંતુ જ્ઞાનનો ઉદય થવાથી અમારી એવી અવસ્થા થઈ ગઈ, જેવી સૂર્યનો ઉદય થવાથી પ્રભાતની થાય છે અર્થાત્ પ્રકાશ ફેલાઈ જાય અને અંધકાર નષ્ટ થઈ જાય છે.

જ્ઞાની કહે છે કે અરેરે! અજ્ઞાન ભાવમાં અમે આવા જીવોના ઘાતના ભાવ કર્યા. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવોની હયાતીનો જ્યાં સ્વીકાર નથી, જીવ માનતો નથી તે જીવનો ઘાત કરનાર છે. હિંસાના પાપમાં બીજા ચાર પાપ સમાઈ જાય છે. તેથી, અહીં હિંસાની મુખ્યતાથી કથન કર્યું છે. અહિંસામાં બીજા ચાર મહાવ્રત આવી જાય છે કેમ કે તે અહિંસાની વાડ સમાન છે. તેમ હિંસામાં જૂઠું, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનું પાપ પણ સાથે સમજી લેવું.

અહીં એક રૂવાંટી ખેંચાય ત્યાં પણ દુઃખ થાય છે પણ પોતાના અભિમાન ખાતર બીજાને નિર્દય થઈને કાપી નાંખતા પણ અચકાતા નથી. અત્યારે બાંગ્લાદેશમાં કાળાકેર કરે છે ને! મુસલમાનો જ મુસલમાનોને મારી નાંખે છે. મરનારના પાપના ઉદય છે તો આજુ-બાજુવાળા કોઈ જાગતા પણ નથી. સૌ પોતપોતામાં પડ્યાં છે. હુશિયારને તો પેલાં મારી નાંખે છે. બે-બે વર્ષના બાળકને પણ મારી નાંખે છે કે મોટા થઈને વળી એ વૈરી થશે, તેથી એને પણ મારી નાંખે છે. કાળા કેર કરે છે ને!

ધર્મી કહે છે કે જો મારા આત્માના ભાન વિના આવા પાપ ઘણા કર્યા, બીજાને

ઉપદેશ પણ એવો આપ્યો કે જાઓ, બધાને મારી નાખો! પાપ લાગે તો અમારા માથે! આલુ, બટાટા, સકરકંદ ખાઓ, પાપ લાગે તો મારા માથે! આવું બધું બને છે હો. સુધરેલાઓ હોય તે આમાં પાપ માનતા નથી, એટલે બીજાને પણ કંદમૂળ ખાવાનો ઉપદેશ આપે.

આ સંવરનો અધિકાર છે, આલોચના કરે છે. ધર્મી કહે છે મેં પૂર્વે આવા પાપ કર્યા હતાં, પાપનો ઉપદેશ આપ્યો હતો અને પાપની અનુમોદના પણ કરી હતી. મન, વચન, કાયામાં મગ્ન થઈને મેં કર્મની કમાણી કરી હતી. એમ જ્ઞાની પૂર્વે કરેલાં કર્મનો વિચાર કરે છે.

હમણાં ઈન્દૌરમાં એવું બન્યું કે બાયડી સાથે વાંધો હશે તો એ માણસે પેલા પોતાના મા-બાપને કેરોસીન નાંખીને સળગાવ્યા અને પછી પોતે સળગી ગયો. ત્રણેય મરી ગયા. આત્માના ભાન વિના જીવ કેટલો અવિવેક કરે છે તેનું કાંઈ માપ નથી રહેતું. એકલી કર્મની કમાણી થાય છે.

**धाये भ्रमजालमें कहाये हम पातकी।** ભ્રમજાળમાં ભટકીને એટલાં પાપ અમે કર્યાં કે 'પાતકી' કહેવાયા. શ્વેતામ્બરમાં એક પરદેશી રાજાની વાત આવે છે કે તે ૫૦૦ ગામનો રાજા હતો, બહુ પાપ કરતો હતો અને અભિમાનનો પાર નહિ. બીજાને એમ કહે કે તારા બાપને મારા બાપે પાંચ લાખ આપ્યા હતા. માટે તારે મને આપવા પડશે. એમ કરીને પૈસા લૂંટતો. એ રાજાને મરતાં સમયે એવો રોગ આવ્યો કે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે રાજાસાહેબને આ રોગ છે તો કોઈ વૈદ્ય ઉપચાર કરી શકે તેમ હોય તો આવે બાકી કોઈ આવીને રોગના ખબર પૂછે તે એને પોસાય નહિ. એવા તો એને અભિમાન! મિથ્યાત્વદશામાં આવા જ અભિમાન હોય. અહીં રતલામના દરબાર પણ એવા જ હતા. 'રાજાને તાવ આવ્યો છે માટે હું દાવા લાવ્યો છું' એમ બોલાય નહિ. સાહેબ! આપના દુશ્મનને તાવ આવ્યો છે માટે દવા લાવું?–એમ બોલવાનું. રાજાને ઉપજ તો માત્ર દસલાખની હતી પણ મગજ આવા ફાટેલા હતા.

એક કાઠી દરબાર તલવાર લઈને ચાલ્યા જતાં હતા અને તેની પાછળ ગાયને આવતી જોઈ એટલે એક નિશાળનો છોકરો કાઠીને ગાયથી બચાવવા બોલ્યો કે અરે! દરબાર! આપની પાછળ ગાય...ત્યાં તો દરબારે તલવારથી છોકરાના કટકા કરી નાખ્યા! કેમ કે છોકરાએ અપશુકન કર્યું કે હું મરી જાઉં ને પાછળ ગાય આપે એવું એ કેમ

બોલ્યો? પેલો તો બિચારો ગાય તમને મારી ન દ્યે એ માટે બોલ્યો હતો. હવે આવા માથાના ફરેલા માણસો મરીને નરકે ન જાય તો બીજે ક્યાં જાય? એ લોકોમાં માણસ મરી જાય એટલે પાછળ ગાયનું દાન કરે, જેથી નરકમાંથી ગાયનું પૂછડું પકડીને બહાર નીકળી જવાય. આવી બધી ઉંધી માન્યતાઓ હોય ત્યાં બીજું શું હોય?

આ અમરેલી અને લાઠી વચ્ચેના એક ગામમાં વેપારી ઘરે ગયો અને છોકરો દુકાને બેઠો હતો ત્યાં ઘોડા ઉપર બેસીને કાઠી આવ્યાં ને છોકરાને કહે કે સોપારી તોળી દે! છોકરો કહે મારા બાપુ નથી (હું તેને પૂછ્યા વગર સોપારી કેમ આપું?) એટલું કહ્યું ત્યાં તો કાઠીના હાથમાં ભાલું હતું તે મારીને છોકરાને ત્યાં ને ત્યાં જ મારી નાખ્યો. બાપ ઘરેથી આવ્યો. કાઠીને કાંઈ કહેવાય નહિ, કાઠિને ઘરે રજા લેવા ગયો કે સાહેબ! રજા હોય તો દીકરાના મડદાને અગ્નિસંસ્કાર કરીએ! ત્યારે કાઠી કહે છે કે પેલા આ ભાલુ ધોવાના ૧૫૧ રૂા. મારી પાસે મૂક, પછી બીજી વાત કર!

આવા માણસો થાય છે. ગજબ કરે છે ને! સમજાયું કે નહિ? ધ્યાન રાખો તો સમજાય તેવી સાદી ભાષા છે. મૂળ તમને એમ છે કે અમને હિંદી હોય તો સમજાય, ગુજરાતી ન સમજાય. એવો 'ન સમજાયવાળો' અભિપ્રાય જ સમજવા દેતો નથી.

અહીં કહે છે કે અરે! હું આત્મા! મારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે. એવું જેને ભાન થયું તે જ્ઞાની ગયાકાળના પાપનું આ રીતે આલોચન કરે છે. અરે! મેં આવા પાપ કર્યા! દુનિયા મને પાપી જાણતી હતી છતાં હું તો ખુશી થયો હતો. हवे ग्यानके उदय भये हमारी दसा ऐसी भई। જ્ઞાનનો ઉદય થતાં અમારી દશા એવી થઈ કે જેવી સૂર્યોદય થતાં પ્રભાતની થાય છે. અરે! અમારું સત્ત્વ–અમારો માલ તો સિદ્ધ સમાન છે, રાગાદિ છે તે અમારો માલ નથી. બહારની લક્ષ્મી, શરીરની સુંદરતા આદિથી અધિકતા માની હતી તે તો મૂઢતા હતા–મોટું મિથ્યાત્વ હતું.

જેમ, સૂર્યનો ઉદય થતાં પ્રકાશ ફેલાઈ જાય છે અને અંધકાર નષ્ટ થઈ જાય છે તેમ, અંતરમાં જ્ઞાનભાનુનો ઉદય થતાં મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થઈ ગયો. અમે તો ચૈતન્ય છીએ અમને કોઈ માન આપે કે અપમાન આપે તે અમારું નથી. જે અમારા જ્ઞાનશરીરને ઓળખતા નથી તે અમને શું આપે? અમે તો આનંદના ધામ અને જ્ઞાનના સાગર છીએ. અમારા આત્મામાં તો જ્ઞાનનો સૂર્ય પ્રકાશી ઉઠ્યો છે. રાગ, પુણ્ય અને પાપના અંધકાર અમારામાં નથી. અમે તો ચૈતન્યપ્રકાશના નૂરના પૂરમાં છીએ.

અહો! આ ધર્મની દશા અને શ્રદ્ધા કોઈ અલૌકિક છે. સાધારણમાં કોઈ માની લે–તો એમ નથી. જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાન ઊભું રહેતું નથી. તેનું વિશેષ વર્ણન કરે છે.

"જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાનદશા દૂર થઈ જાય છે."

ग्यानभान भासत प्रवान ग्यानवान कहै,
　　करुना-निधान अमलान मेरौ रूप है।
कालसौं अतीत कर्मजालसौ अजीत जोग-
　　जालसौं अभीत जाकी महिमा अनूप है॥
मोहको विलास यह जगतकौ वास मैं तौ,
　　जगतसौ सून्न पाप पुन्न अंध कूप है।
पाप किनी कियौ कौन करै करिहै सु कौन,
　　क्रियाको विचार सुपिनेकी दौर धूप है॥९२॥

અર્થ :—જ્ઞાનસૂર્યનો ઉદય થતાં જ જ્ઞાની એમ વિચારે છે કે મારું સ્વરૂપ કરુણામય અને નિર્મળ છે. તેનામાં મૃત્યુની પહોંચ નથી, તે કર્મપરિણતિને જીતી લે છે, તે યોગ-સમૂહથી નિર્ભય છે, તેનો મહિમા અપરંપાર છે. આ જગતની જંજાળ મોહજનિત છે, હું તો સંસાર અર્થાત્ જન્મ-મરણથી રહિત છું અને શુભાશુભપ્રવૃત્તિ અંધકૂપ સમાન છે. કોણે પાપ કર્યાં? કોણ પાપ કરે છે? પાપ કોણ કરશે? આ જાતનો વિચાર જ્ઞાનીને સ્વપ્નની જેમ મિથ્યા દેખાય છે.

અહો! જ્ઞાનીને આ બધું પૂર્વે શું થઈ ગયું?–બધું સ્વપ્ના જેવું લાગે છે. ग्यानभान भासत... અંતરમાં જ્યાં ચૈતન્યસૂર્ય ઊગ્યો ત્યાં જ્ઞાનીને બધાં જીવો જ્ઞાનના પૂર છે એમ ભાસવા લાગે છે. તેથી કોઈને મારવા કે ઉગારવાનો અભિપ્રાય રહેતો નથી. "સર્વ જીવ છે જ્ઞાનમય, ધારું સમતાભાવ" એવું યોગસારમાં પણ આવે છે. 'બધા જીવો જ્ઞાનના ભાનુ છે, રાગાદિ છે તે આત્મા નથી', એમ દેખતાં કોઈ પ્રાણીને દુઃખ થાય એવો વિકલ્પ રહેતો નથી.

ભગવાનઆત્મા શાશ્વત જ્યોત છે, ત્યાં મૃત્યુની પહોંચ નથી. કોણ મરે અને કોણ જન્મે! અમે તો જન્મ-મરણથી રહિત છીએ.

(ક્રમશઃ)

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## સુખ શક્તિ

अनाकुलत्वलक्षणा सुखशक्तिः ।

અનેકાન્તસ્વરૂપ આત્મામાં જીવત્વ, ચિતિ, દર્શન અને જ્ઞાન પછી આ પાંચમી સુખશક્તિનું વર્ણન છે. અસંખ્યપ્રદેશી આત્મામાં સુખ નામની એક શક્તિ છે; તેનું લક્ષણ શુ?–કે અનાકુળતા તેનું લક્ષણ છે. આકુળતા તે દુઃખ છે, તેના અભાવરૂપ નિરાકુળ શાન્તિ તે સુખ છે. અનાકુળતાથી ભરેલો ભગવાનઆત્મા તેના સર્વ પ્રદેશોમાં સુખ ભરેલું છે. આવા નિજસુખને પરમાં શોધે તો આકુળતા ને દુઃખ થાય એટલે સંસારભ્રમણ થાય. હે જીવ! સુખ અંતરમાં છે, તે બહારમાં શોધ્યે મળે તેમ નથી. બહારમાં તો નથી ને વિકલ્પમાંય સુખ નથી. વિકલ્પમાં સુખને શોધનારો અર્થાત રાગને સુખનું સાધન માનનારો પરમાર્થે બાહ્યવિષયોમાં જ સુખ માને છે, પોતાના સુખસ્વભાવને તે જાણતો નથી.

ભાઈ! સુખ તો તારો સ્વભાવ છે; તું પોતે જ સુખસ્વભાવથી ભરેલો છો, તો તારા સુખને બાહ્યવિષયોની કે વિકલ્પોની અપેક્ષા કેમ હોય? પોતાના બેહદ સુખસ્વભાવને ભૂલીને અજ્ઞાની જીવ ભ્રાન્તિથી અનંતા પરદ્રવ્યોમાં (—ખાવામાં, શરીરમાં, સ્ત્રીમાં, હોદ્દામાં, લક્ષ્મી વગેરેમાં) સુખ માને છે, પણ પોતામાં ખરેખર સુખનો સમુદ્ર ભર્યો છે તે તેને ભાસતો નથી. ભાઈ! તારું સુખ તો તારામાં છે ને તે સુખનું સાધન પણ તારામાં છે. તારી સુખશક્તિ એ જ તારા સુખનું સાધન છે, બહારનું કોઈ સાધન નથી. પોતાના સુખને માટે બાહ્યસામગ્રી શોધવી તે તો વ્યગ્રતા છે, પરાધીનતા છે, દુઃખ છે.

સુખ તે આત્માનો ગુણ છે, પણ દુઃખ કાંઈ આત્માનો ગુણ નથી. જો દુઃખ મૂળસ્વભાવમાં હોય તો ટળી શકે નહિ ને જો સુખ મૂળસ્વભાવમાં ન હોય તો મળી શકે નહિ. આમ, પોતાના સુખસ્વભાવને જાણીને તેની સન્મુખ પરિણમતાં જે સુખ પ્રગટ્યું તેમાં દુઃખનો અભાવ છે. આવી દુઃખના અભાવરૂપ સુખદશા પ્રગટે ત્યારે આત્માના સુખસ્વભાવને જાણ્યો કહેવાય. સ્વાનુભૂતિમાં જે સુખનું વેદન થયું તે ઉપરથી ધર્મી જીવ

જાણે છે કે મારો આખો આત્મા આવા પૂર્ણ સુખસ્વભાવથી ભરેલો છે. આમ, પર્યાયમાં પ્રસિદ્ધિ સહિત શક્તિની પ્રતીત સાચી થાય છે. શક્તિની પ્રતીત કરે ત્યાં તેનું ફળ પર્યાયમાં આવ્યા વિના રહે નહિ.

સાચું જ્ઞાન હોય ત્યાં સુખ પણ હોય જ; છતાં લક્ષણ બંનેનાં જુદાં. જ્ઞાનનું લક્ષણ સ્વપરને જાણવું તે, સુખનું લક્ષણ અનાકૂળતાને વેદવું તે. આત્મામાં દૃષ્ટિ કરતાં તેના જ્ઞાન–સુખ વગેરે ગુણો વ્યક્તપણે પર્યાયમાં વ્યાપે એટલે કે નિર્મળપણે પરિણમે, ત્યારે અનંતશક્તિવાળા આત્માને જાણ્યો, માન્યો, અનુભવ્યો કહેવાય.

જે શક્તિ હોય તેનું કંઈક કાર્ય હોવું જોઈએ ને! જેમ કે જ્ઞાનનું કાર્ય શું? –કે જાણવું; તો સુખશક્તિનું કાર્ય શું?–કે અનાકૂળતાનું વેદન કરવું તે સુખશક્તિનું કાર્ય છે. સુખગુણના કાર્યમાં દુઃખ ન હોય. સુખથી ભરેલા અંતર-સ્વભાવમાં દૃષ્ટિ કરતાં સુખ પ્રગટે છે, દુઃખ નથી પ્રગટતું. અહા! આવા સુખસ્વભાવની પ્રતીત કરતાં જ તેમાંથી નિરાકુળ અચિંત્ય આનંદની કણિકા પ્રગટે છે, જેનો સ્વાદ સિદ્ધપ્રભુના સુખ જેવો જ છે. આવું સુખશક્તિનું કાર્ય છે.

આવું સુખ પ્રગટવા માટેના છએ કારકો પોતાના સુખગુણમાં જ સમાય છે. ધ્રુવમાં આનંદ ભર્યો છે તેમાં લક્ષ કરતાં તે પર્યાયમાં પ્રગટે છે. ધ્રુવનું અવલંબન તે જ સાધન છે, બહારમાં બીજું કોઈ સાધન નથી. ભાઈ! અંતરમાં નજર કરીને આનંદને શોધ, બહારમાં ક્યાંય ન શોધ.

શ્રોતા :—બહારમાં તો બંગલા–મોટર–રેડિયો–સીનેમા વગેરે ઘણા પ્રકારનાં સુખનાં સાધન દેખાય છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! સુખની ગંધ પણ એમાં નથી. એના તરફનું વલણ તે તો પાપ અને દુઃખ છે. સુખનો સાગર આત્મામાં ભર્યો છે, તેને બહારના કોઈ સાધનની જરૂર નથી; એટલે બાહ્યવલણરૂપ આકુળતાનો તેમાં અભાવ છે. સુખ તેને કહેવાય કે જેમાં અંશમાત્ર આકુળતા ન હોય.

આત્માનો સુખગુણ શ્રદ્ધા-જ્ઞાન વગેરે સર્વગુણોમાં વ્યાપક છે, એટલે શ્રદ્ધા-જ્ઞાન વગેરેના સમ્યક્ પરિણનની સાથે સુખ પણ ભેગું જ છે. શ્રદ્ધા-જ્ઞાન સાચા થાય ને સુખનો અનુભવ ન થાય એમ બને નહિ. સુખના વેદનમાં અનંત ગુણોનો રસ ભેગો છે, અનંત ગુણનું સુખ છે.

અહો! આવો સુખસ્વભાવ સાંભળે, તેના વિચાર–મનન કરે ને તેનો મહિમા લાવી અંદર ઊતરે, તો ત્યાં જગતની કોઈ ચિંતા કે આકુળતા ક્યાં છે? સુખમાં બીજી ચિંતા કેવી? પરદ્રવ્ય તો કાંઈ આત્મામાં આવતું નથી ને આત્મા પોતાના ગુણથી બહાર પરમાં જતો નથી. આવા આત્માના ચિંતનથી પરમ આનંદ પ્રગટે છે. છદ્મસ્થદશામાં જ્ઞાનીને જે આનંદ છે તે પણ અનંત ગુણના રસથી ભરેલો અનંત આનંદ છે, તો સર્વજ્ઞના મહા આનંદની શી વાત? પણ પોતાના આવા આનંદસ્વભાવને ભૂલીને પરની ચિન્તામાં જીવ વળગ્યો છે, તેથી દુઃખી છે. સ્વભાવમાં જુએ તો એકલું સુખ, સુખ ને સુખ જ ભર્યું છે.

આત્મામાં જે સુખ ભર્યું છે તે પ્રગટ કરવાનો માર્ગ સમ્યગ્દર્શન છે. સુખનો માર્ગ શુભરાગમાં નથી, સુખનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જે રાગમાં કે પુણ્યમાં સુખનો માર્ગ માને છે તેણે આત્માના સુખસ્વભાવને જાણ્યો નથી. પુણ્યના ફળરૂપ જે સુખ છે તે ઈન્દ્રિયજન્ય સુખ છે, તે કાંઈ સાચું સુખ નથી, પણ તે તો દુઃખ જ છે—એમ પ્રવચનસારમાં સિદ્ધ કર્યું છે. રાગ તો પોતે આકુળતા છે, એના વડે ત્રણકાળમાં સુખ થાય નહિ. સુખગુણના પરિણમનમાં રાગનો કે આકુળતાનો અભાવ છે, એટલે કે ઉદયભાવનો અભાવ છે.

સુખશક્તિ પારિણામિકભાવે ત્રિકાળ છે, તેનું પરિણમન ક્ષાયિકાદિ ભાવરૂપ છે, આકુળતારૂપ ઉદયભાવનો તેમાં અભાવ છે, તે ખરેખર સુખગુણનું કાર્ય નથી. સુખગુણનું કાર્ય તો સુખરૂપ હોય, દુઃખરૂપ ન હોય. ઉદયભાવમાં સુખ નથી ને ઉદયભાવના ફળરૂપ બાહ્ય સંયોગ તેમાં પણ સુખ નથી. અરે! જડમાં તારું સુખ હોય?–કદી ન હોય. જેનામાં પોતામાં સુખગુણ જ નથી તે તને સુખ ક્યાંથી આપશે? આત્મામાં જ આત્માનો આનંદ છે. પણ, મારામાં મારો આનંદ છે એવો તને તારો ભરોસો નથી એટલે બહારથી આનંદ લેવા માટે વ્યર્થ ઝાવાં નાંખે છે. જેમ ઝાંઝવાના જળથી તરસ કદી છીપે નહિ કેમકે ત્યાં પાણી જ નથી તેમ, વિષયો તરફના વલણથી કદી આકુળતા મટે નહિ કેમકે ત્યાં સુખ છે જ નહિ. ભાઈ! સુખનો દરિયો તો તારામાં છલોછલ ભર્યો છે તેમાં ડૂબકી લગાવ તો તને તૃપ્તિ અનુભવાય ને તારી આકુળતા મટી જાય. સુખ એટલે મોક્ષમાર્ગ, તે શુભરાગવડે થાય નહિ. અરે! સુખ તો સ્વાશ્રિતભાવમાં હોય કે પરાશ્રિતભાવમાં? પરાધીનતા સ્વપ્નેય સુખ નહિ. સ્વાધીનતા એટલે કે આત્મસ્વભાવનો આશ્રય તે જ સુખ છે. એ સુખમાં અન્ય કોઈની જરૂર પડતી નથી.

પ્રભુ! તને આવો અવસર મળ્યો છે તો અંદરથી દરકાર કરીને આત્માને સમજ, નહિતર આ વખત ચાલ્યો જશે. મનુષ્યપણાનો વખત તો બહુ થોડો છે. જુઓને, ચાર દિવસ પહેલાં તો એક ભાઈ અહીં સભામાં વ્યાખ્યાન સાંભળવા આવેલા ને આજે તો તે હૃદય બંધ પડી જવાથી મુંબઈમાં ગુજરી ગયા એવા સમાચાર સંભળાય છે. આવું ક્ષણભંગુર જીવન છે! માટે, બીજું બધું ગૌણ કરીને આત્માના હિતનું સાધન કરી લેવા જેવું છે. આત્માનું હિત કરવામાં બહારનું કોઈ સાધન નથી. રોટલો, ઓટલો ને પોટલો હોય તો સુખી થઈએ—એમ લોકો માને છે; પણ ભાઈ! તારા આત્મામાં જ અસંખ્યપ્રદેશી ઓટલો, આનંદના અનુભવરૂપી રોટલો ને અનંતગુણનો પોટલો છે. આવા રોટલા, ઓટલા ને પોટલામાં તારું સુખ છે. પરનું હોવાપણું કાંઈ તારામાં આવતું નથી. પરને જાણતાં પોતાના ભિન્ન અસ્તિત્વને અજ્ઞાની ભૂલી જાય છે. સુખ વગેરે ગુણો આત્મામાં ત્રિકાળ છે, તે કાંઈ નવા કરવાના નથી, પણ તે ગુણની ઓળખાણ વડે પર્યાયમાં સુખ વગેરે પ્રગટે છે ને તેનું નામ 'આત્મપ્રસિદ્ધિ' છે.

જ્ઞાનમાત્ર આત્મામાં સુખગુણ સ્વાધીન છે. તે સુખની સાથે બીજા અનંતગુણો પણ ભેગા જ છે. અનંતાગુણો એકસાથે આત્મામાં હોવા છતાં, તેમાં જે સુખગુણ છે તે અન્યગુણ નથી ને જે અન્યગુણો છે તે સુખગુણ નથી. એમ, બધા ગુણો પોતપોતાના ભિન્ન ભિન્ન લક્ષણને રાખીને વસ્તુમાં રહ્યા છે. દરેક ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા અન્ય કારકોથી નિરપેક્ષ છે. સુખના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સુખરૂપ છે, તે ત્રણેમાં દુઃખનો અભાવ છે. બીજી રીતે કહીએ તો નિશ્ચયના શુદ્ધપરિણમનનાં વ્યવહારથી અશુદ્ધતાનો અભાવ છે. અહીં તો શુદ્ધતાને જ જીવ કહીએ છીએ, અશુદ્ધતાને ખરેખર જીવ કહેતા નથી.

અહો! ૪૭ શક્તિનું વર્ણન કરીને તો આચાર્યદેવે આત્માના સ્વભાવને પ્રસિદ્ધ કર્યો છે. આ ૪૭ શક્તિ તો ઘાતીધર્મની ૪૭ પ્રકૃતિનો ઘાત કરીને કેવળજ્ઞાન પ્રગટ કરનારી છે. શક્તિના વર્ણનમાં શક્તિઓ ૪૭, ઘાતીકર્મોની પ્રકૃતિ ૪૭, પ્રવચનસારના પરિશિષ્ટમાં નયો પણ ૪૭ અને ઉપાદાન–નિમિત્તના દોહા પણ ૪૭! એમ બધામાં ૪૭ નો મેળ આવી ગયો છે. જ્ઞાનાવરણની પાંચ, દર્શનાવરણની નવ, મોહનીયની અઠ્ઠાવીશ અને અંતરાયની પાંચ, (૫+૯+૨૮+૫= ૪૭) એમ ઘાતીકર્મોની કુલ ૪૭ પ્રકૃતિ છે. તેની સામે અહીં જે ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે તે શક્તિવાળા આત્માને ઓળખતાં ૪૭ ઘાતિપ્રકૃત્તિનો ઘાત થઈ જાય છે ને ભગવાન આત્મા પોતાની અનંત શક્તિની નિર્મળપર્યાયો સહિત પ્રસિદ્ધ થાય છે.

ભાઈ! સુખનું કારણ તો જ્ઞાન છે. સુખ આત્મામાં છે, તેનું જ્ઞાન કર તો સુખ પ્રગટે. 'જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન.' સમ્યગ્જ્ઞાન વડે આત્માને જાણતાં સુખ થાય છે. અહો! આ શક્તિના અલૌકિક વર્ણનમાં જ્ઞાનીનો અભિપ્રાય શું છે તે ઓળખે તો આત્માનો અનુભવ થયા વગર રહે નહિ. પોતે અંદર ઓળખે તો જ્ઞાનીનો ખરો આશય સમજાય ને જ્યાં સમજણ ત્યાં સુખ હોય જ!

જેમ, આત્મદ્રવ્ય પરની અપેક્ષા રાખતું નથી તેમ, તેની સુખશક્તિ પણ પરની અપેક્ષા રાખતી નથી અને તેની સુખપર્યાય પણ પરની અપેક્ષા રાખતી નથી. આ રીતે, બધી શક્તિઓમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું પરથી નિરપેક્ષપણું સમજવું. આવી અનંતશક્તિના વૈભવથી ભરેલો આત્મા પોતે, તેની કાંઈ કિંમત અજ્ઞાનીને દેખાતી નથી ને લાખો કે કરોડો રૂપીયા ભેગા થાય ત્યાં તો જાણે હું દુનિયામાં કેવો મોટો થઈ ગયો–એમ તેની કિંમત ભાસે છે! ભાઈ! એનાથી તારી કિંમત નથી. એનાથી તો અનેકગણા ઉત્તમ વૈભવ સ્વર્ગમાં તેં અનંતવાર મેળવ્યા, પણ તને સુખ કિંચિત્‌માત્ર ન મળ્યું; અને નિગોદના એક સૂક્ષ્મશરીરમાં અનંતા જીવો સમાઈ જાય એવી દશામાં પણ અનંતકાળ તેં ગાળ્યો. અત્યારે હવે આવું મનુષ્યપણું, આવો સત્સંગ પામ્યો છો તો તું આત્મતત્ત્વનું સ્વરૂપ સમજ, તારી અનંતશક્તિના શાશ્વત વૈભવને સંભાળ!! કે જેમાંથી તને સાચું સુખ મળે.

ચૈતન્યના આનંદસાગરમાં ડોલતો આ ભગવાન આત્મા, તેના આનંદમાં આકુળતાની છાયા પણ નથી. એનો ભરોસો કરનાર સમ્યદ્રષ્ટિને પરમાં જરાપણ સુખ ભાસતું નથી. ચક્રવર્તીના વૈભવ વચ્ચે પણ સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે બાહ્યવૈભવમાં અમે નથી ને અમારામાં તે નથી. તે વૈભવમાં અમારું સુખ નથી. જેમાં અમારું અસ્તિત્વ જ નહિ તેમાં અમારું સુખ કેમ હોય? અમારું સુખ તો અમારામાં, અમારા નિજવૈભવમાં જ છે. સ્વાનુભવથી અમારું અંતરનું સુખ અમે દેખ્યું છે, અમારા નિજવૈભવને અમે જાણ્યો છે. અરે! આ બાહ્યવૈભવમાં અમારું અસ્તિત્વ નથી. જ્યાં અમે છીએ ત્યાં અનંતું સુખ ભર્યું છે, અમારા અસ્તિત્વમાં આનંદના સાગરની છોળો ઊછળે છે. આ રાજ્ય પ્રત્યે કે સ્ત્રીઆદિ પ્રત્યે જરાક વલણ જાય છે એ તો બધા રાગના ચાળા છે. ઉદયભાવની ચેષ્ટારૂપ આ રાગ પણ ખરેખર અમે નથી તો પછી બહારના પદાર્થો તો અમારા ક્યાંથી હોય? તેમાં ક્યાંય અમને અમારું સુખ દેખાતું નથી.

'પણ સંયોગમાં ઊભેલા દેખાય છે ને?' તો કહે છે કે ભાઈ! તને એના અંતરની ખબર નથી; એની અંતરની દશાને તું ઓળખતો નથી. એની દૃષ્ટિ બધેયથી ઊઠી ગઈ છે ને એક આત્મામાં જ દૃષ્ટિ લાગી છે. દૃષ્ટિ જ્યાં લાગી છે ત્યાંથી તે ખસતી નથી ને દૃષ્ટિ જ્યાંથી ખસી ગઈ ત્યાં હવે લાગતી નથી અને જેની જ્યાં દૃષ્ટિ છે ત્યાં જ ખરેખર તે ઊભા છે. જ્ઞાની સંયોગમાં ઊભા છે કે સ્વભાવમાં? તેની ખબર અજ્ઞાનીને પડે નહિ. જ્ઞાનીને સંયોગની રુચિ છૂટી ગઈ છે ને નિજસ્વભાવની રુચિ થઈ છે, તેથી ખરેખર તે સંયોગમાં નથી ઊભા, રાગમાં પણ નથી ઊભા, પોતાના સ્વભાવમાં જ ઊભા છે. જે રાગપરિણન છે તે કાંઈ 'જ્ઞાની' નથી, તેના વડે 'જ્ઞાની' ઓળખતા નથી; રાગ વગરની નિર્મળ પરિણતિમાં પરિણમતો આત્મા તે જ 'જ્ઞાની' છે, તે પરિણતિ વડે જ 'જ્ઞાની' ઓળખાય છે. આ પ્રકારની જ્ઞાનીની સાચી ઓળખાણ જીવને દુર્લભ છે. જ્ઞાનીની દર્શનશુદ્ધિમાં આત્માના આનંદનો જ આદર છે, એટલે તેને આનંદનું વેદન જ મુખ્ય છે. સંયોગનો આદર નથી, રાગનો આદર નથી, રાગનો આદર નથી એટલે દૃષ્ટિમાં તેના વેદનનો અભાવ છે.

અહો! સંયોગ અને રાગ વચ્ચે ઊભેલા દેખાય છતાં જ્ઞાનીની દૃષ્ટિ કોઈ જુદું જ કામ કરે છે. તેનું વર્ણન કરતાં કવિ દૌલતરામજી કહે છે કે—

चिन्मूरत—दृग्धारीकी मोहे रीति लगत है अटापटी।
बाहर नारकीकृत दुःख भोगै अन्तर सुखरस गटागटी।
रमत अनेक सुरनि संग पै तिस परिमतितैं नित हटाहटी।
ज्ञान–विराग शक्तितैं विधिफल भोगत पै विधि घटाघटी।
सदननिवासी तदपि उदासी तातें आस्त्रव छटाछटी।

નરકના સંયોગને કે સ્વર્ગના સંયોગને કે તે તરફના દુઃખ-સુખના ભાવને સમ્યગ્દૃષ્ટિ તન્મયપણે નથી વેદતા, તે તો પોતાના સુખગુણના નિર્મળપરિણમનરૂપ આનંદને જ તન્મયપણે વેદે છે. પ્રતિકૂળ સંયોગનો કે દુઃખનો તેમાં અભાવ છે. એ સંયોગ વખતે પણ અંતરમાં તો તે અતીન્દ્રિય સુખરસને ગટગટાવે છે. આવો સુખસ્વભાવ દરેક આત્મામાં છે. જ્ઞાનપરિણતિ સાથે તે સુખ ભેગું જ પરિણમે છે.

અસંખ્યપ્રદેશી દ્રવ્ય, જ્ઞાનાદિ અનંતગુણો ને તેનું નિર્મળ પરિણમન—આ ત્રણે થઈને અખંડ આત્મવસ્તુ છે. આવી આત્મવસ્તુને લક્ષમાં લેતાં સમયે સમયે નવો નવો

આનંદ પરિણમે છે. તે આનંદ પરિણમીને આત્માના સર્વગુણોમાં વ્યાપે છે એટલે સુખની અનુભૂતિમાં અનંતગુણનો રસ વેદાય છે. જેમ 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું છે તેમ આમાં પણ સમજવું. અનંતગુણમાં વ્યાપક સુખ અનંતગુણના રસથી ભરેલું અનંતું છે.

દરેક શક્તિ પોતે કારણ ને તેની જે નિર્મળ પર્યાય પ્રગટી તે તેનું કાર્ય; બીજું કારણ નહિ. બીજું કાર્ય નહિ ને કારણ–કાર્ય વચ્ચે સમયભેદ નહિ. 'કારણને અનુસરીને થાય તેને કાર્ય કહેવાય'; એટલે, જેમકે સુખશક્તિ કારણરૂપ છે તેને અનુસરીને પર્યાયમાં તેવું સુખ પ્રગટે તે સુખશક્તિનું ખરું કાર્ય છે. જો આનંદ ન પ્રગટે ને પરાધીન થઈને આકુળતા પ્રગટે તો તેને આત્માના આનંદગુણનું કાર્ય કહેવાય નહિ. જેવો ગુણ છે તેવી જાતની પર્યાય પ્રગટ્યા વગર ગુણના ખરા સ્વરૂપની પ્રસિદ્ધિ થાય નહિ.

ગુણનું સાચું કાર્ય–તેની દશા સદેશ જાતિનું હોય, વિરુદ્ધ ન હોય. જેમ સોનામાંથી જે દાગીનો બને તે સોનાનો હોય, લોઢાનો ન હોય; તેમ સુખગુણનું કાર્ય સુખ હોય, સુખનું કાર્ય દુ:ખ ન હોય. સુખગુણ જેવો ત્રિકાળ છે તેવું સુખ પર્યાયમાં પ્રગટે ત્યારે સુખસ્વભાવી આત્મા પ્રતીતમાં આવ્યો કહેવાય ને ત્યારે 'આત્મપ્રસિદ્ધિ' થઈ કહેવાય.

અહો! વીતરાગમાર્ગમાં આ બહુ ઊંચી વસ્તુ છે. આત્માનો અચિંત્ય વૈભવ વીતરાગી સન્તોએ દેખાડ્યો છે. આત્મા અનંતગુણનું ધામ છે, તેને અનુભવમાં પકડીને તેના જેવું સમ્યક્ કાર્ય પ્રગટે ત્યારે આત્માની સાચી શ્રદ્ધા ને ભેદજ્ઞાન થયું કહેવાય; ત્યારે આકુળતા વગરનું સાચું સુખ વેદાય ને પરમાં સુખની મિથ્યા કલ્પના મટે.

પહેલા સૌધર્મ સ્વર્ગના ઈન્દ્રને ૩૨ લાખ વિમાનોનો વૈભવ છે, બે સાગરોપમનું આયુષ્ય છે. ઈન્દ્રાણીનું આયુષ્ય થોડું છે, એટલે તે નવી નવી ઊપજે છે. ઈન્દ્રના બે સાગરના આયુમાં તો કોટિ–લક્ષ ઈન્દ્રાણી થઈ જાય. પણ એ ૩૨ લાખ વિમાનોમાં કે એ ઈન્દ્રાણીઓમાં ક્યાંય આત્માના સુખનો અંશ પણ નથી. ઈન્દ્ર એટલે સ્વામી અથવા ઈન્દ્ર એટલે આત્મા; આત્મા પરનો સ્વામી નથી, આત્મા પોતાની સુખપરિણતિનો ખરો સ્વામી છે. અનંત ગુણ–પરિણતિનો સ્વામી આત્મા, તેમાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિ થાય તે આનંદપરિણતિ સહિત આત્મા

શોભે છે. પરિણતિની સ્થિતિ એકસમયની, પરિણતિરૂપ ઈન્દ્રાણી સમયે સમયે નવી નવી ઊપજે ને આત્મારૂપી ઈન્દ્ર કાયમ ટકીને અતીન્દ્રિય આનંદ પરિણતિનો ભોગવટો કરે. પરિણતિ જાય ને તત્ક્ષણ બીજી પરિણતિ થાય—એમ સદાકાળ આત્મા પોતાની સુખ પરિણતિને અનુભવ્યા કરે છે. સ્વસન્મુખ પરિણતિ આનંદ-પુત્રને જન્મ આપે છે.

જુઓ, આ કેવળીપ્રણીત ધર્મનું સ્વરૂપ કહેવાય છે. આવા ધર્મને ઓળખીને તેનું જે શરણ લેશે તે ભવસાગરને તરશે. ઓળખ્યા વગર કોનું શરણ લેશે? ભગવાને એમ કહ્યું છે કે તારા આત્મામાં એક સુખધર્મ છે, તેના શરણે તારું સુખ પ્રગટશે, બીજા કોઈના શરણે તારું સુખ નહિ પ્રગટે.

આત્માવસ્તુમાં ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતધર્મો એકસાથે રહેલા છે. નિત્યપણું ને અનિત્યપણું, સત્‌પણું ને અસત્‌પણું-એવા વિરુદ્ધધર્મો આત્મામાં એકસાથે રહેલા છે, એવી આત્માના સ્વભાવની અદ્‌ભૂતતા છે. આવા આત્માના અનુભવનો રસ તે જ પરમાર્થે અદ્‌ભૂત રસ છે. આવો અનુભવ વિકલ્પ વડે ન થાય. વિકલ્પવડે જણાય એવો આત્માનો સ્વભાવ નથી. વિકલ્પથી પર એવા સ્વસસંવેદનજ્ઞાનથી આત્મા જણાય છે ને એ રીતે જાણતાં પરમ સુખ પ્રગટે છે. વિકલ્પ વગર ત્રણ કાળ ત્રણ લોકને જાણી લ્યે એવી તાકાત આત્મામાં છે ને એવા આત્માની અનુભૂતિ પણ વિકલ્પ વગરની છે. આત્મા પોતાના અનંત ગુણરૂપી સ્વ-ઘરમાં સ્થિત રહીને નિર્મળપરિણતિના આનંદને ભોગવે છે. બ્રહ્મસ્વરૂપ આત્માના આનંદને ભોગવતો ધર્મી સ્વગુણની રક્ષા કરે છે, ઉપયોગના વેપારને અંતરમાં જોડે છે ને સ્વભાવનું સેવન કરીને અનંતગુણાનો વૈભવ પ્રાપ્ત કરે છે એટલે કે પર્યાયમાં પ્રગટપણે અનુભવે છે.

જુઓ ભાઈ! આ તો અંતરમાં બિરાજમાન ચૈતન્યરાજાના વૈભવની વાત છે. દુનિયામાં રાજા કેવો ને તેનો વૈભવ કેવો? ક્યાં લડાઈ થઈ ને કોણ જીત્યું?-એ બહારનું જાણવાનો જીવને કેવો રસ છે! પણ, અરે ચેતનરાજ! તારો પોતાનો વૈભવ કેવો અપાર છે તે તો જાણ! તેની વાત તો ઉત્સાહથી સાંભળ! જગતમાં સૌથી મોટો મહિમાવંત ચેતનરાજા તું છો, તારા અચિંત્ય ચૈતન્યવૈભવની પાસે ચક્રવર્તીના રાજનીયે કાંઈ કિંમત નથી. અનંત ગુણનો અચિંત્યવૈભવ તારા અસંખ્યપ્રદેશી સ્વરાજમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરપૂર ભર્યો છે. અનંતગુણને રહેવા માટે ક્ષેત્ર પણ અનંત હોવું જોઈએ એવું કાંઈ નથી. જેમ, અનંતાનંતપ્રદેશી આકાશમાં તેના અનંતા ગુણો રહેલા છે તેમ,

એકપ્રદેશી પરમાણુમાં પણ તેના અનંતા ગુણો રહેલા છે. અનંતપ્રદેશી આકાશ કે એકપ્રદેશી પરમાણુ–બંનેનું અસ્તિત્વ પોતપોતાના અનંતગુણથી પરિપૂર્ણ છે. આકાશનું ક્ષેત્ર મોટું માટે તેનું સામર્થ્ય મોટું ને પરમાણુનું ક્ષેત્ર નાનું માટે તેનું સામર્થ્ય ઓછું—એમ ક્ષેત્ર ઉપરથી શક્તિનું માપ નથી. નાનામાં નાનો પરમાણુ ને મોટામાં મોટું આકાશ—એ બંનેનું અસ્તિત્વ પોતપોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. તેમ, આત્મા અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રમાં અનંતાગુણ—સ્વભાવોથી પરિપૂર્ણ છે.

જુઓ તો ખરા, વસ્તુનો અચિંત્ય સ્વભાવ! અચિંત્ય વસ્તુસ્વભાવમાંથી સુખનાં ઝરણાં ઝરે છે. આત્મા અસંખ્યપ્રદેશી (આખા લોકના જેટલા પ્રદેશો છે તેટલા પ્રદેશોવાળો), તેનો દરેક ગુણ પણ તેવડો જ અસંખ્યપ્રદેશી ને તેની પરિણતિમાં આનંદ વગેરેનો જે અંશ ખીલ્યો તે પણ તેવડો જ અસંખ્યપ્રદેશી છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ ને પરિણતિ એક સમયની છતાં ક્ષેત્ર બંનેનું સરખું છે. એક જ ક્ષેત્રમાં અનંત ગુણો એકસાથે, છતાં એક ગુણ તે બીજો ગુણ નહિ, ક્ષેત્રથી ભિન્ન નહિ પણ ભાવથી ભિન્ન છે. આવા ભિન્ન-ભિન્ન અનંત ગુણોનું બેહદ સામર્થ્ય આત્મામાં ભરેલું છે. આવા આત્મવૈભવને જાણે (એટલે કે ભૂતાર્થ સ્વભાવને જાણે) તો જૈનદર્શન જાણ્યું કહેવાય. આત્માના શુદ્ધસ્વભાવને અનુભવમાં લેવો તે જ સર્વ જૈનસિદ્ધાન્તનો સાર છે.

સુખ આત્માના સ્વભાવમાં સદાય ભર્યું છે. આવા ચૈતન્યસ્વભાવને જાણતાં અનાકુળતા પ્રગટે છે, તે સુખશક્તિનું કાર્ય છે. પર્યાયે અંદરમાં જઈને, સુખસમુદ્રમાં ડૂબકી મારીને ચૈતન્યભગવાનનો ભેટો કર્યો, ત્યાં આનંદ પ્રગટ્યો. અનાદિથી અજ્ઞાનભાવે રાગને ભેટતી તે પર્યાયામાં દુઃખ હતું. હવે આનંદસ્વભાવને ભેટતાં જે સુખપરિણતિ પ્રગટી તેમાં આકુળતાનો અભાવ છે. અનંતગુણના રસનું વેદન આનંદમાં સમાયેલું છે. આ રીતે, શુદ્ધતાનો સદ્ભાવ ને અશુદ્ધતારૂપ વ્યવહારનો અભાવ–આવો અનેકાન્તસ્વરૂપ આત્મા છે. આવા આત્માનું ભાન થાય ત્યાં મુક્તિ થયે છૂટકો. જેમ બીજ ઊગી તે વધીને પૂર્ણિમા થયે છૂટકો, તેમ સમ્યગ્દર્શન થતાં ભેદજ્ઞાનરૂપી બીજ ઊગી તે વધીને કેવળજ્ઞાન થયે જ છૂટકો. અહો! ચૈતન્યગુણના ભંડારને એકવાર સ્પર્શે, નજરમાં લ્યે, ધ્યેયરૂપ કરે, તેનો ભેટો કરે, લક્ષમાં લ્યે, રુચિ–પ્રતીત ને જ્ઞાન કરે, ત્યાં અપૂર્વ આનંદનો અંશ પ્રગટે ને તે વધીને પૂર્ણ આનંદરૂપ મોક્ષદશા થાય. એકવાર રાગથી ભિન્ન થઈને જ્ઞાનનો સમ્યક્ અંશ પ્રગટ્યો ત્યાં રાગનો સર્વથા અભાવ કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. આત્માને ઓળખે તેને મોક્ષ થયે છૂટકો.

અહીં કહે છે કે થોડો આનંદ વધીને પૂરો આનંદ થાય તેમાં બીજાની બિલકુલ મદદ નથી આનંદગુણ પોતે જ તેનું સાધન છે. આનંદના અનુભવરૂપ ક્રિયાના છએ કારકો પોતામાં જ છે. વાહ, જુઓ તો ખરા! આત્મામાં આવા સ્વભાવો ભર્યા છે. આ સ્વભાવ આનંદના દાતાર છે, એને જાણતાં આનંદ થાય છે. આત્માનો આવો સ્વભાવ ખ્યાલમાં ને અનુભવમાં આવી શકે તેવો છે; સંતોએ તે પ્રગટ અનુભવમાં લઈને આ વાત પ્રસિદ્ધ કરી છે. પોતે જે વૈભવ અનુભવ્યો તે જગતને દેખાડ્યો છે ને પરાશ્રયની દીનતા ટાળી છે. ભાઈ! પરની સહાય વગર તારો આનંદ પ્રગટે છે ને પરની સહાય વગર જ તે વધીને પૂરો થાય છે. તેમાં શરીરની, રાગની કે બીજા કોઈની મદદ નથી. કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદ પ્રગટે એવા સામર્થ્યનો પિંડ તું પોતે છો. અંતર્મુખ થઈને પોતે પોતાના આવા સ્વભાવને પ્રત્યક્ષ કરી શકે છે. આવા સ્વસંવેદન વડે આત્માનો અચિંત્ય વૈભવ ખુલે છે.

અરે! તારા ભંડારમાં આનંદ ભર્યો છે ને તને તે ખોલતા નથી આવડતું! અંતરમાં દૃષ્ટિ કરીને તારા આત્માના અચિંત્ય વૈભવને ખોલ; શક્તિમાં ભર્યું છે તેને વ્યક્ત કર. એ માટે તારે બહાર ક્યાંય જોવું પડે તેમ નથી, બીજા કોઈની મદદ લેવી પડે તેમ નથી. આનંદના ભંડાર ભર્યા છે તે કેમ ખૂલે–એ વાત કુંદકુંદાચાર્યદેવ વગેરે સંતોએ પ્રસિદ્ધ કરી છે. જેમ કોઠારમાં ભરેલું અનાજ કાણું પાડીને બહાર કાઢે છે, અંદર ભર્યું છે તે જ બહાર આવે છે, તેમ આ અખંડ ચૈતન્યકોઠી અનંત ગુણના ભંડારથી ભરેલી છે, તેના શ્રદ્ધા-જ્ઞાન વડે તે પર્યાયમાં પ્રગટ થાય છે ને પછી તે વધીને પૂર્ણ થાય છે.

જ્યાં આત્માનું જ્ઞાન સમ્યક્ થાય ત્યાં સુખ પણ ભેગું હોય જ; જ્ઞાનના પરિણમનની સાથે અનંતશક્તિઓ ભેગી પરિણમે છે. આનંદ વગરનું જ્ઞાન હોય નહિ. આનંદ વગરનું જ્ઞાન તે સાચું જ્ઞાન નથી ને જ્ઞાન વગર આનંદ હોતો નથી. આમ, જ્ઞાન, આનંદ વગેરે શક્તિઓનું નિર્મળ પરિણમન આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં ઉલ્લસી રહ્યું છે. તેમાંથી પાંચમી સુખ શક્તિ વર્ણવી.

સુખશક્તિનું વર્ણન પૂર્ણ.



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત તથા

## શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત "કહાન એક્સપ્રેસ" દ્વારા

# શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખર આદિ તીર્થયાત્રા અત્યંત ભક્ત્યુલ્લાસ સહ સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે ઉપરોક્ત મંગલયાત્રા તે ઉભય ધર્માત્માઓની સાધનાભૂમિ સુવર્ણપુરીથી પ્રારંભ તા. ૩૦-૧૦-૧૦ના રોજ થઈ. દરેક યાત્રીઓએ પ્રથમ સુવર્ણપુરી સ્થિત સર્વે જિનભગવંતોનાં દર્શન કર્યાં. રેલ્વે સ્ટેશને યુવકમંડળના દરેક કાર્યકર્તા તથા યાત્રિઓનું "શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર તરફથી તિલક તથા ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા દ્વારા શ્રીફળથી અભિવાદન કરવામાં આવ્યું તથા લીલી ઝંડી બતાવીને યાત્રાસંઘને વિદાય આપવામાં આવી.

યાત્રાસંઘનું પ્રથમ યાત્રાસ્થાન જબલપુર સ્થિત મઢિયાજી હતું. ત્યાં દરેક યાત્રીઓએ દર્શન તથા સામૂહિક પૂજન કર્યું તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન શ્રવણનો પણ લાભ મળ્યો. ત્યાંથી ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ પાવાપુરીની વંદના તથા ભક્તિ સહ યાત્રા કરી ટ્રેનમાં પૂજન તથા ભક્તિ સાથે વિ.સં. ૨૦૧૩માં થયેલી ૧૦૦૦ ભક્તો સાથે પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલી યાત્રાના મધુર સંસ્મરણ 'આત્મધર્મ'માંથી સંભળાવવામાં આવ્યાં. પૂજ્ય ગુરુદેવશ્રીના યાત્રા સંબંધી ઉદ્ગાર તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીએ તે સમયે જે ભક્તિ કરાવી હતી તે જ ભક્તિ કરાવતાં યાત્રિકોમાં ઘણો જ ઉલ્લાસ પ્રવર્તવા લાગ્યો. જ્યાં ભગવાન મહાવીરનું સમવસરણ પ્રથમવાર આવ્યું હતું એવા રાજગૃહી તીર્થની મંગલયાત્રા કરીને તથા ભગવાન મહાવીરના જન્મધામ કુંડલપુરમાં બનાવવામાં આવેલ નૂતન જિનાયતનોમાં અત્યંત ઉલ્લાસપૂર્વક ભક્તિ કરીને ટ્રેન શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખર તરફ રવાના થઈ.

સમ્મેદશિખરમાં પહેલા દિવસે તળેટીના તેરાપંથી કોઠીના મંદિરમાં સમૂહપૂજન તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન રાખવામાં આવ્યું. રાત્રે સમ્મેદશિખરમાં પૂજ્ય બહેનશ્રીના વચનામૃત પર શાસ્ત્ર સ્વાધ્યાય તથા આત્મધર્મમાંથી વિ.સં. ૨૦૧૩માં પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલી સમ્મેદશિખરની યાત્રાના મધુર સંસ્મરણો સંભળાવવામાં આવ્યાં. યાત્રાસંઘમાં કેટલાક યાત્રીઓ તો એવા હતા જેમણે વિ.સં. ૨૦૧૩માં પૂજ્ય ગુરુદેવશ્રી સાથે યાત્રાનો લાભ મળ્યો હતો. સર્વે યાત્રીઓ મધુર સંસ્મરણ સાંભળીને ગદ્ગદિત થઈ ગયા. બીજા દિવસે દરેક યાત્રીઓએ સમ્મેદશિખર તીર્થધામ (પહાડ)ની અત્યંત ભક્ત્યુલ્લાસપૂર્વક વંદના કરી. સમ્મેદશિખરમાં ત્રીજો દિવસ દીપાવલીનો હતો. તેથી ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણકની સમૂહ પૂજા સર્વે યાત્રીઓએ ઘણા જ આનંદોત્સાહથી કરી ત્યારબાદ યાત્રીઓનો સ્નેહમિલન સમારંભ થયો, જેમાં યાત્રાસંઘની સ્મૃતિરૂપે શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવકમંડળ દ્વારા પૂજ્ય બહેનશ્રીની આગામી ૯૮મી જન્મજયંતી સુવર્ણપુરીમાં ઉજવવાની ઘોષણા કરવામાં આવી. જેને ઉપસ્થિત દરેક યાત્રીઓએ ભક્તિપૂર્ણ અનુમોદન આપ્યું. યાત્રીઓએ. તળેટીના સર્વ જિનમંદિરોનાં દર્શન કર્યાં તથા રાત્રે યુવકો દ્વારા ધાર્મિક ક્વીઝ તથા અંતાક્ષરી વગેરેનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

સમ્મેદશિખરથી ભગવાન વાસુપૂજ્યની નિર્વાણભૂમિ મંદારગિરિની યાત્રા માટે પ્રસ્થાન કર્યું અને ભાવપૂર્વક વંદના-દર્શન-પૂજન કરીને બીજા દિવસે યાત્રાસંઘ સોનાગિરિ સિદ્ધક્ષેત્ર પર પહોંચ્યો. યાત્રાનું

આ અંતિમ સ્થાન હતું. તેથી દરેક યાત્રીઓને અનેરો ઉત્સાહ હતો. સોનાગિરિમાં ભક્તિપૂર્વક પહાડના અને તળેટીના મંદિરોના દર્શન બાદ 'પરમાગમમંદિર ટ્રસ્ટ' હોલમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું. અહીંથી યાત્રા પૂરી કરીને તા. ૧૧-૧૧-૨૦૧૦ના રોજ 'કહાન એક્સપ્રેસે' મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું.

યાત્રામાં "કહાન એક્સપ્રેસ" ટ્રેનની મુસાફરી દરમ્યાન પણ ભાવપૂજા, ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની ઑડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ધાર્મિક ક્વીઝ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેથી દરેકને સુવર્ણપુરીના મંગલ કાર્યક્રમ જેવો જ લાભ મળતો હતો.

આ યાત્રામાં મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ તથા વિદેશોના યાત્રીઓ પણ સામેલ થયા હતા. શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળના સર્વે કાર્યકર્તાઓએ યાત્રીઓ માટે ભોજન, આવાસ, પ્રવાસ વગેરેની વ્યવસ્થા સારી રીતે થાય તે માટે ઘણો જ પરિશ્રમ કરી સુંદર આયોજન કર્યું હતું. આ યાત્રાના મુખ્ય શુભેચ્છક બનવાનો લાભ શ્રીમતી લીલમબેન ધીરજલાલ શાહ પરિવાર (મુલુંડ) મુંબઈને મળ્યો હતો. તે સિવાય પણ ઘણા મુમુક્ષુઓએ ભક્તિભાવથી યાત્રામાં શુભેચ્છક બનવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

યાત્રામાં સામેલ દરેક લાભાન્વિત મુમુક્ષુઓ આ યાત્રાના સમગ્ર આયોજનથી અત્યંત પ્રસન્ન જણાતા હતા. તથા આવું સુંદર આયોજન ભવિષ્યમાં પણ કરવામાં આવે તેવો અનુરોધ કાર્યકર્તાઓને કરતા હતા. સમગ્રતયા આ યાત્રા અત્યંત ભક્તિ-ઉલ્લાસ સાથે પરમોપકારી કહાન ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની કૃપાથી નિર્વિઘ્ન પૂર્ણ થઈ.

## ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય "આચાર્ય-પદવી દિવસ" મહોત્સવ

**પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના આચાર્ય-પદવી દિવસનો દ્વીદિવસીય મહોત્સવ, રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવારના સૌજન્યથી માગશર વદ-૭, તા. ૨૭-૧૨-૧૦ સોમવારથી માગશર વદ-૮ તા. ૨૮-૧૨-૧૦ મંગળવાર સુધી ઉજવવામાં આવશે.**

**આ મહોત્સવ શ્રી ચોસઠ ઋદ્ધિ પૂજન વિધાન, ભગવાન કુંદકુંદાચાર્યદેવની ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની ઓડિયો તથા વિડિયો તત્ત્વચર્ચા, દસમી બાલ-સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર આદિ કાર્યક્રમોપૂર્વક સુવર્ણપુરી (સોનગઢ)માં અત્યંત ભક્તિ-ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. તો આ મહોત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા આપ સૌને અમારું ભાવભીનું આમંત્રણ છે.**

સ્થળ સંકોચના કારણે વૈરાગ્ય સમાચાર આગામી અંકમાં આપવામા આવશે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * દસમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર *

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવનાયોગે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દસમી બાલ સંસ્કાર શિબિર તા. ૨૬-૧૨-૧૦ રવિવારથી તા. ૩૧-૧૨-૧૦ શુક્રવાર સુધી પાર્લા, મુંબઈનિવાસી (૧) શ્રીમતી જ્યોતિબેન રમેશચંદ્ર શાહ હસ્તે રૂપાલી, જૈની, વિધિ તથા સૌરલ શાહ તેમજ (૨) શ્રીમતી નિરંજનાબેન મહેન્દ્રભાઈ ડગલી હસ્તે નેહલ, સ્મિત તથા ભાવિન ડગલીના સૌજન્યથી આયોજિત થઈ રહી છે તેથી સર્વે મુમુક્ષુઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈને શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

બાલસંસ્કાર શિબિરાર્થી બાળકો તથા યુવકોને જાણ કરવામાં આવે છે કે દરેક વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરમાં રાત્રિના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તો તેમાં ભાગ લેવા ઈચ્છનારા શિબિરાર્થીઓ યથાયોગ્ય તૈયારી સાથે શિબિરમાં આવે.

**રૂા. ૧૦,૦૦૦/— સ્વ. ધીરજલાલ મોહનલાલ સોલાણીના સ્મરણાર્થે વાંકાનેર હાલ મુંબઈ, હસ્તે ગં. સ્વ. લાભકુંવરબેન, ગીતાબેન જયેશભાઈ સોલાણી, પ્રીતિબેન મનોજભાઈ સોલાણી પરિવાર તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

**શ્રી નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠાના રજત–જયંતી વર્ષના ઉપલક્ષ્યમાં**

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

## કુંદકુંદ–કહાન પરિવાર યુવકમંડળ આયોજિત

## 'ગુરુદેવશ્રીના વચનામૃત' તથા 'બહેનશ્રીના વચનામૃત'ના




**અધ્યયન હેતુએ**

# વચનામૃત વર્ષ

# પરિપત્ર




સાધર્મી સ્નેહી મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી

આપણા પરમોપકારી, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્મજ્ઞ સંત, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત સ્વાનુભૂતિવિભુષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય પ્રભાવના યોગે શ્રી કુંદકુંદકહાન પરિવાર યુવક મંડળે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત કહાન એક્સપ્રેસ દ્વારા તા. ૩૦-૧૦-૨૦૧૦ થી તા. ૧૧-૧૧-૨૦૧૦ સુધી શાશ્વત તીર્થધામ સમ્મેદશિખર આદિ તીર્થોની યાત્રાનું મંગલ આયોજન કર્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપાથી આ યાત્રા નિર્વિઘ્નપણે અત્યંત ભક્તિ ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ છે.

આ યાત્રા દરમિયાન કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળના કાર્યકર્તાઓ તથા યાત્રિકોને એક ઉત્તમ ભાવના જાગ્રત થઈ કે આ મંગળ યાત્રાની સ્મૃતિમાં શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ, 'પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનો આગામી ૯૮મો જન્મ જયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં ઉજવે.' શાશ્વત સિદ્ધિધામ સમ્મેદશિખરમાં આ અંગેની જાહેરાત થતાં ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓએ આ પ્રસ્તાવને ખૂબ જ ઉલ્લાસથી વધાવી લીધો અને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખ તથા ટ્રસ્ટીગણે ફોન દ્વારા જ આ પ્રસ્તાવને સંમતિ આપી અમને ઉપકૃત કર્યા અને અમારા સૌના મહાન સદ્‌ભાગ્યથી આ ઉત્સવ ઉજવવાનો અમને લાભ પ્રાપ્ત થયો.

આ યાત્રા દરમિયાન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટીઓની પ્રેરણાથી ડિસેમ્બર ૨૦૧૦ થી ડિસેમ્બર ૨૦૧૧ના સમગ્ર વર્ષને **'વચનામૃત વર્ષ'** તરીકે ઊજવવાનો નિર્ણય પણ થયો. તેમજ આ વર્ષ સુવર્ણપુરી સ્થિત શ્રી નંદીશ્વર જિનાલયનું રજત-જયંતી વર્ષ હોઈ જિનાલયમાં ઉત્કીર્ણ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' તથા 'બહેનશ્રીનાં વચનામૃત'ના ઉપલક્ષ્યમાં **'વચનામૃત વર્ષ'** તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. આપણા મુરબ્બી તથા શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ મહામંત્રી\ આત્માર્થી વિદ્વાન સ્વ. શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીના પરિવારજનો તરફથી આ યોજનાના સૌજન્યનો લાભ લેવાની ભાવના પણ વ્યક્ત કરવામાં આવી. તેથી "ગુરુદેવશ્રીનાં વચનામૃત", "બહેનશ્રીનાં વચનામૃત" તથા તેના ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના થયેલાં સળંગ પ્રવચનોનો મુમુક્ષુ સમાજ ખૂબ જ ઊંડાણથી નિજાત્મકલ્યાણ હેતુએ અભ્યાસ કરે એ હેતુને નજર સમક્ષ રાખી એક યોજના તૈયાર કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) **આ યોજનાની શરૂઆત ૨૭ ડિસેમ્બર-૨૦૧૦થી કરવામાં આવશે અને સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહેશે.**

(૨) દરેક માસની દસ તારીખ સુધીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત તથા પૂજ્ય બહેનશ્રીના વચનામૃતના આધારે ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર તૈયાર કરી મુમુક્ષુઓની માંગ અનુસાર જે તે મંડળો / મુખ્ય વ્યક્તિઓને મોકલવામાં આવશે.

(૩) દરેક માસનો કોર્સ આ પ્રમાણે રહેશે.

(A) 'ગુરુદેવશ્રીના વચનામૃત'માંથી ક્રમસર ૨૫ વચનામૃત

(B) 'બહેનશ્રીનાં વચનામૃત' પર પૂજ્ય ગુરુદેવશ્રીના ક્રમસર દસ પ્રવચનોમાં જે વચનામૃતોનો સમાવેશ થયો હોય તે વચનામૃત.

દા.ત. પ્રથમ પેપરનો અભ્યાસક્રમ (૧) ગુરુદેવશ્રીના વચનામૃત બોલ ૧ થી ૨૫, (૨) બહેનશ્રીના વચનામૃતના જે બોલ પર ગુરુદેવશ્રીના ૧ થી ૧૦ પ્રવચન થયા છે, વચનામૃત બોલ ૧ થી ૩૬

(૪) આ બંને વચનામૃતોમાંથી (૧) નિબંધ (૨) ટૂંકા પ્રશ્નો (૩) વિસ્તૃત પ્રશ્નો (૪) તથા ઓબ્જેક્ટીવ પ્રશ્નો દ્વારા ૫૦ માર્કસનું પેપર તૈયાર કરવામાં આવશે. જે મુમુક્ષુઓને દરેક માસની દસ તારીખ સુધીમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે.

(૫) આ યોજનામાં સમગ્ર ભારતના તથા વિદેશના મુમુક્ષુઓ પણ ભાગ લઈ શકશે.

(૬) ભાગ લેનાર મુમુક્ષુઓએ પોતાના જવાબપત્રો પરિપત્રમાં જણાવેલ સરનામે મોડામાં મોડા દરેક માસની પચ્ચીસ તારીખ સુધીમાં મોકલી આપવાના રહેશે.

(૭) આમાં ભાગ લેવા માગતા મુમુક્ષુ મંડળોએ તથા વ્યક્તિઓએ આ પરિપત્ર મળ્યાના દસ દિવસમાં જ અમને પોતાના સરનામા, ફોન નંબર કે ઈ-મેઈલ નંબર સાથે એક પત્ર મોકલવાનો રહેશે જેથી અમો આપને પ્રશ્નપત્રો સમયસર મોકલવાની વ્યવસ્થા કરી શકીએ.

(૮) આ યોજનામાં જવાબ લખનાર—

(A) દરેક મંડળ દીઠ મુમુક્ષુઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર આપવામાં આવશે.

(B) વચનામૃત વર્ષની પૂર્ણાહૂતિએ સમગ્ર યોજનામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર મુમુક્ષુઓને પણ વિશેષ પુરસ્કાર આપવામાં આવશે.

(C) આ યોજનામાં ઉત્તર આપનાર દરેક મુમુક્ષુને પણ પ્રોત્સાહન ઇનામ આપવામાં આવશે.

(D) આ યોજનાના ઈનામોનું વિતરણ સુવર્ણપુરીમાં (૧) પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી, (૨) પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ-જયંતી (૩) પૂજ્ય બહેનશ્રીની જન્મ-જયંતી તથા (૪) દીપાવલીના ઉત્સવો દરમ્યાન કરવામાં આવશે.

(E) એક જ ક્રમમાં એકથી વધુ વ્યક્તિઓ પાત્ર થશે તો ઈનામની રકમ વહેંચણી કરી આપવામાં આવશે. ઈનામો અંગેનો આખરી નિર્ણય પરીક્ષા-સમિતિનો રહેશે.

(૯) એક વ્યક્તિ એક જ જવાબપત્ર લખી શકશે.

(૧૦) આ યોજનામાં ૧૦ વર્ષથી ઉપરના દરેક મુમુક્ષુ ભાઈ-બહેનો ભાગ લઈ શકશે.

**ઉત્તર પત્ર મોકલવાના સ્થળો :**

**(૧) ઈન્ટરનેટ વિભાગ કાર્યાલય**
**C/o શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ-૩૬૪૨૫૦(સૌરાષ્ટ્ર) જિ. ભાવનગર**

**(૨) શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
**૧૦૫, દફ્તરી રોડ, મલાડ, (ઇસ્ટ) મુંબઈ**

લિ.
**શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવકમંડળ**

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૦
અંક-૪ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ખરેખર તો પરસંબંધી પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે

જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય છે તેથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ–ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમ કે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિસંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પરસંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતી નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે.–ગુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org